## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ભાઈસ તમને ખબર ન પડે, પોલીટીકલ પાર્ટીને તો આચાર સંહિતાની ખબર જ હોય... ખાલી તમારી પાસે અમારે કડક અમલ કરાવવો પડે....

# ગાંધીનગરમાં જામ્યો પરીક્ષાનો માહોલ

## વાલી અને વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીઓમાં લાગ્યા : ટ્યુશન-કોચીંગ ક્લાસ હાઉસફૂલ

ગાંધીનગર, તા. ૨૪

બોર્ડની પરીક્ષાઓ પૂર્ણતા તરફ છે તો ટૂંક સમયમાં શાળાકીય પરીક્ષાઓ શરૂ થશે. હોળી-ધૂળેટી પછી શહેરમાં જાણે એક્ઝામ ફીવર ચાલી રહ્યો છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ બંનેને પરીક્ષાની ચિંતા સતાવી રહી છે.

માર્ચ-એપ્રિલ મહિનો એટલે પરીક્ષાની મોસમ. આખુ વર્ષ જે કાંઈ ભણ્યા હોય, શીખ્યા હોય તેનો નિચોડ માર્ચ-એપ્રિલમાં લેવાતી વાર્ષિક પરીક્ષાઓ વખતે જોવા મળે છે. વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ ચૂકી છે. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણતા તરફ છે. હજુ કેટલીક સ્ટ્રીમની પરીક્ષાઓ બાકી છે. સીબીએસસીની સ્કૂલોમાં તો વેકેશન પણ પડી ચુક્યુ છે. બોર્ડની પરીક્ષાઓની પાછળ પાછળ જ શાળાકીય પરીક્ષાઓ લેવાય છે. કે.જી.થી લઈને ધો. ૯ અને ધો. ૧૧ની પરીક્ષાઓ હજુ બાકી છે. બોર્ડના વિદ્યાર્થીઓ થોડાક ફ્રી થયા છે પરંતુ હજુ પ્રાથમિક-માધ્યમિક શાળાના બાળકોની પરીક્ષાઓ એપ્રિલ મહિનામાં લેવાનાર હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને ટેન્શન છે. પરીક્ષાને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી વિદ્યાર્થીઓ સઘન અભ્યાસમાં ડુબી ગયા છે. તો વાલીઓ પણ બાળકોના પરીક્ષાના કારણે ટેન્શન અનુભવી રહ્યા છે. ઘણા વાલીઓ તો ઓફિસમાંથી ખાસ રજા લઈ બાળકોને અભ્યાસમાં મદદરૂપ થઈ રહ્યા છે.

પરીક્ષા નજીક હોવાથી ટ્યૂશન અને કોચિંગ ક્લાસીસ હાઈસફૂલ રહે છે. વહેલી સવારથી મોડી રાત સુધી કોચિંગ ક્લાસ-ટ્યૂશન ક્લાસીસ ધમધમે છે. વાલીઓ તેમના બાળકોને એક ક્લાસમાંથી બીજા ક્લાસમાં લેવા-મુકવા જવાની જવાબદારી નિભાવી રહ્યા છે. શહેરમાં પરીક્ષાનો માહોલ બરાબર જામ્યો છે.



ગાંધીનગર લોકસભા બેઠક પરથી કોણ ચુંટણી લડશે તેની ચર્ચા ચાલી રહી હતી. ત્યારે તાજેતરમાં ભાજપ પક્ષ દ્વારા લોકસભાના ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડવામાં આવી છે. ઉમેદવારોને હજુ ઉમેદવારીપત્ર ભરવાના બાકી છે ત્યારે ભાજપ કાર્યકરો જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે. શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર દાસ, કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘર વોર્ડ પ્રમુખ અરવિંદ ઠાકોરની ટીમ દ્વારા ભાજપના વિકાસના કામોની પુસ્તિકા બનાવી ઢોલ નગારા સાથે ભાજપ લોકસભાના ઉમેદવારના ચુંટણી પ્રચારમાં લાગી ગયા છે. ત્યારે આગામી સમયમાં શહેરમાં પ્રચાર પડઘમ વધુ તેજ બનશે.

# શેરથા ગામની ૧૮ વર્ષીય પરણિતા પોતાના ઘરેથી કહ્યા વિના ક્યાંક ચાલી ગઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના શેરથા ગામમાં રહેતી ૧૮ વર્ષીય પરણિતા તા. ૨૦-૩-૨૦૧૯ના ૯ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કહ્યા વિના ક્યાંક ચાલી ગયા અંગેની ફરિયાદ પોતાના પતિ કિશનજી દશરથજી ઠાકોરે ઉવારસદ ઓ.પી. અડાલજ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ એન્ટ્રી તા. ૨૨-૩-૨૦૧૯ના રોજ દાખલ કરી છે.

મળતી વિગતો મુજબ જાણવાજોગ એન્ટ્રી નં. ૨૭/૨૦૧૯ના તા. ૨૨-૩-૨૦૧૯ શેરથા ગામમાં રામદેવપીરના મંદિર પાછળ હેમાજી શંભુજીનો વાસ પોતાના ઘરેથી કહ્યા સિવાય કિશનજી દશરથજી ઠાકોરની પત્ની નામે લલીતાબેન કિશનજી ઠાકોર તા. ૨૦-૩-૨૦૧૯ના ૯ વાગ્યાના સુમારે ઘરેથી ચાલી ગયા છે. જે શરીરે પાતળા બાંધાની રંગે ઘઉંવર્ણી, મોઢું ગોળ, ઊંચાઈ આશરે પાંચ ફૂટ જેટલી છે. પોષાકમાં વાદળી કલરની ડિઝાઈનવાળી સાડી તેમજ વાદળી કલરનો બ્લાઉઝ તથા વાદળી કલરનો ચણીયો પહેરેલ છે. જેના જમણા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં પી તેમજ કિશન છૂંદણાથી કોતરાવેલ છે. તેણીની ગુજરાતી, હિન્દી ભાષા જાણે છે. આજ દિન સુધી મળી ન આવેલ હોવાથી આ અંગે ભાળ કે માહિતી મળે તો અડાલજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

# આઈપીએલમાં સટ્ટો રમશો તો સાત બારના ઉતારામાંથી નામ જશે..!

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં આઈપીએલ મેચનો પ્રારંભ થઈ ગયો છે. શહેરમાં ક્રિકેટ ફીવર છવાયો છે. સાંજ ઢળતા જ ઘરમાં, પાનની દુકાનોમાં, કેફે અને રેસ્ટોરન્ટ સહિત ગાર્ડન રેસ્ટોરન્ટમાં સ્ક્રીન મુકીને આઈપીએલની મેચ નિહાળતા ક્રિકેટ રસીયાઓ નજરે પડે છે. ત્યારે આઈપીએલની મેચ પર રોજનો કરોડો રૂપીયાનો હાર-જીતનો સટ્ટો રમાય છે. ત્યારે શહેરના બુકીઓ પણ આઈપીએલ મેચના પ્રારંભ થતા જ સક્રિય થઈ ગયા છે. પોતાના પંટરોને કાર્યરત કરીને ગ્રાહકો સુધી પહોંચવા માટે કામે લગાડી દીધા છે. જયારે કેટલાક હાઈટેક બુકીઓ ઓનલાઈન પણ સટ્ટો રમાડે છે. ત્યારે આઈપીએલની મેચ નિહાળવા માટે ગ્રુપમાં જતા યુવાનોને પગલે હોટલ કે કેફે ધારકોને પણ સારી એવી કમાણી થાય છે. જયારે આજના યુવાનો શોર્ટકટમાં રૂપીયા કમાવાની લાલચમાં ક્રિકેટના સટ્ટો રમતા હોય છે. જેને પગલે લાખો રૂપીયાનું દેવુ થતા ઘર કે જમીન પણ વેચવાનો વારો આવે છે. તેથી હાલ આઈપીએલ મેચનો પ્રારંભ થતા જ સોશ્યલ મિડીયામાં પણ એક મેસેજ વાયરલ થયો છે. જેમાં ૭-૧૨ અને ૮ અ જો નામ રાખવુ હોય તો આઈપીએલના સટ્ટાથી દુર રહેવા જણાવ્યું છે. શહેરમાં એક તરફ લોકસભાની ચુંટણી અને આઈપીએલ મેચના માહોલ વચ્ચે શહેરના વાતાવરણમાં અનોખો ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્યારે આઈપીએલ મેચ પર સટ્ટો રમતા સટ્ટોડીયાઓને અને બુકીઓને પકડી પાડવા માટે પોલીસ પણ સક્રિય બની ગઈ છે.

# ટેમ્પો રીક્ષામાંથી વિદેશી દારુ પેથાપુર પોલીસે પકડ્યો

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં દારુ બંધી હોવા છતા દારુની રેલમછેલ જોવા મળે છે. દારુબંધી માત્ર કાગળ પુરતી સિમિત હોય તેમ લાગી રહ્યું છે. પેથાપુર પોલીસે ગતરાત્રીના સુમારે પેટ્રોલીંગ દરમિયાન પેથાપુર વિજાપુર હાઈ વે પર આવેલા ફતેપુરા ગામ પાસેથી વિદેશી દારુ-બિયરની બોટલો ભરેલા ટેમ્પો લોડીંગ રીક્ષા સહિત કુલ રૂ. ૧,૮૪,૦૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર અને ટીમના જવાનો રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સિધ્ધરાજસિંહ અર્જુનસિંહને બાતમી મળી હતી કે પેથાપુર ફતેપુરા હાઈ વે માર્ગ પરથી વાદળી કલરનો ટેમ્પો લોડીંગ રીક્ષા વિદેશી દારુ ભરીને અમદાવાદ જઈ રહ્યો છે. જેને પગલે પીએસઆઈ અને ટીમના સભ્યો વોચમાં હતા. ત્યારે ફતેપુરા કટ પાસે વાદળી કલરનો ટેમ્પો નં. જી.જે.૦૯.એ.એકસ.-૩૫૦૧ આવતા કોર્ડન કરી ટેમ્પો ચાલક સુનિલ ચંદુ સલાટ (રહે. આરટીઓ સર્કલ થી ઈડર તરફ બાયપાસ છાપરામા) પકડી પાડી તેની રીક્ષા ટેમ્પામાંથી વિદેશી દારુની વિવિધ બ્રાન્ડની બોટલ અને બિયરના ટીન મળીને કુલ રૂ.૮૪.૦૦૦ તેમજ ટેમ્પો કિ. ૧ લાખ મળીને કુલ રૂ. ૧.૮૪.૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રમોદ ઉર્ફે લાલો રમેશ પરમાર (રહે. છારાનગર, રામનગર અમદાવાદ) એ આ વિદેશી દારુ મંગાવ્યો હોવાથી આ બંન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યુવાન ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ અંતર્ગત ગત તા.૮-૩-૧૯ને બપોરના ૨.૩૦ કલાકના અરસામાં ફરીયાદ



કરનાર કાલીદાસ ડાહ્યાભાઈ મહેરીયા રહે.પ્લોટ નં.૭૦ સહકાર કોલોની, સે-૨૫ ગાંધીનગરના દિકરા પ્રકાશ સન ઓફ કાલીદાસ ડાહ્યાભાઈ મહેરીયા ઉ.વ.૩૫ તા.૭-૩-૧૯ના રોજ સવારે ૯ કલાકના અરસામાં સે-૨૫ સહકારી કોલોની પ્લોટ નં.૭૦ ખાતે પોતાના નિવાસ સ્થાનેથી ગુમ થયેલ છે. પ્રકાશ રંગે શ્વેત વર્ણ અને મોઢુ ગોળ, જેની ઉંચાઈ આશરે પાંચ ફુટ પાંચ ઈંચ છે. તે ગુજરાતી-હિંદી અને અંગ્રેજી ભાષા જાણે છે. તેણે શર્ટ તેમજ પેન્ટ પહેરેલ છે. ઉપરોકત યુવાન અંગે કોઈને જાણકારી મળે તો સે-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરવો

# પરીક્ષાના માહોલ વચ્ચે રામલાઓની રામાયણ

ગાંધીનગર, તા. ૨૪

પરીક્ષાઓ સાવ નજીક છે તેવા સમયે ગૃહિણીઓની હાલત કફોડી બની ગઈ છે. બાળકોને ભણાવવા અને તેમને ટ્યૂશન કલાસીસમાં લેવા-મુકવા જવાની ધમાલ વચ્ચે રામલા-ઘરઘાટીઓ હજુ સુધી વતનમાંથી પરત આવ્યા ન હોવાથી ગૃહિણીઓ હેરાન-પરેશાન બની ગઈ છે.

હોળી-ધૂળેટીના પર્વે વતન ભણી રવાના થયેલા રામલાઓ-ઘરઘાટીઓ ચાર-પાંચ દિવસ બાદ પણ વતનમાંથી પરત ફર્યા નથી. ગૃહિણીઓ માટે આ દિવસો ખૂબ જ કપરાં બની રહ્યા છે. રોજિંદી જવાબદારીઓ સાથે બાળકોની પરીક્ષાનુ ટેન્શન છે, તેમાં વળી રામલાઓના લાંબા વેકેશને ગૃહિણીઓની જવાબદારીઓમાં વધારો કરી દીધો છે.

ગૃહિણીઓના માથે ઘરકામની તમામ જવાબદારીઓ આવી ગઈ છે. આખો દિવસ ઘરના કામમાં પસાર થઈ જાય છે. રસોઈ ઉપરાંત ઘરકામની બેવડી જવાબદારી અને બાળકોના અભ્યાસની ચિંતાથી ગૃહિણીઓ પરેશાન થઈ ચૂકી છે. રામલાઓ ઝડપથી પાછા ફરે તેવી પ્રાર્થના ગૃહિણીઓ મનોમન કરી રહી છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ચાલતી વિના મૂલ્યે પક્ષી પરબ પ્રવૃત્તિ અંતર્ગત સે-૫ના રહેવાસી નિલેન્દુ વોરાના નિવાસસ્થાને પક્ષી પરબ મેળવવા માટે નાગરિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# વડોદરા લોકસભા સીટ પર સત્યજીત અને મોદીનો રેકોર્ડ કોઈ કેન્ડિડેટ તોડી શકે નહીં

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

વડોદરાની બેઠક હંમેશા ઈતિહાસ સર્જતી આવી છે. એક બેઠકના બે છેડા જોઈએ તો એક તરફ સત્યજીત ગાયકવાડ છે અને બીજા છેડે મોદી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીએ મતદારોએ ભારે આશ્ચર્ય સર્જ્યુ હતું. સત્યજીતના વિજય વખતે દેશમાં ચમત્કાર હતો અને મોદીના વિજય વખતે પણ ચમત્કાર...!! ભાજપના સ્ટાર કેમ્પેઈનર અને પ્રાઈમ મિનિસ્ટરના ઉમેદવાર નરેન્દ્ર મોદી જ્યારે વડોદરા લોકસભા બેઠકની ચૂંટણી લડતા હતા ત્યારે એવું કહેવાતું હતું કે કોંગ્રેસના સિનિયર નેતા મધુસુદન મિસ્ત્રી તેમને સારી એવી ફાઈટ આપશે પરંતુ પરિણામ આવ્યા પછી લાગ્યું કે કોંગ્રેસના રાષ્ટ્રીય કક્ષાના આ લિડરને મોદીએ હંફાવી દીધા હતા. ભૂતકાળમાં કોઈપણ ઉમેદવારને લીડ મળી ન હોય તેટલી લીડથી મોદી વડોદરાનો જંગ જીત્યા હતા. મોદીને ૫.૭૦ લાખની લીડ મળી હતી. ગુજરાતની તમામ ૨૬ બેઠકો જીતનાર મોદીને વડોદરામાં ખોબો ભરીને મતો મળ્યા હતા. વડોદરામાં ૧૯૯૮થી ભાજપનો આ સતત પાંચમો વિજય હતો. આ એ જ બેઠક છે કે જ્યાં કોંગ્રેસના સત્યજીત ગાયકવાડ માત્ર ૧૭ મતે ચૂંટણી જીત્યા હતા. વડોદરામાં ૧૯૬૨થી ચૂંટણી યોજાય છે. ૧૯૯૧ના હિન્દુત્વના વેવમાં રામાયણ ફેઈમ સીતા એટલે કે ભાજપની ઉમેદવાર દિપીકા ચિખલીયા વિજયી બન્યા હતા. પશ્ચિમ બંગાળના સીપીઆઈએમના ઉમેદવાર અનિલ બસુને લોકસભાની પેટા ચૂંટણીમાં ૫.૯૨ લાખ મતોની સરસાઈ મળી હોવાનો ભારતમાં રેકોર્ડ છે. મોદી આ રેકોર્ડ તોડી શક્યા ન હતા. હવે વડોદરા બેઠક ઉપર કોંગ્રેસની ફરીવાર કસોટી છે. એટલું નિશ્ચિત છે કે કોંગ્રેસે માત્ર લડવાનું છે અને લીડ કાપવાની છે, જીતની આશા કરી શકાય તેમ

## રાજ્યમાં ૧૩ વર્ષમાં એકપણ એન્કાઉન્ટર થયું નથી, હવે રાજકીય સ્ટ્રાઇક થાય છે

નથી.

**રાજ્યમાં એનકાઉન્ટર નહીં સ્ટ્રાઇક થાય છે...**

ગુજરાતમાં ફેક એનકાઉન્ટરના કેસો અદાલતમાં ચાલી રહ્યાં છે અને એક પછી એક અધિકારીઓ જામીન પર છૂટી રહ્યાં છે. ભાજપના ગુજરાતના શાસનમાં અત્યાર સુધી જેટલા એનકાઉન્ટર થયા છે તેની તપાસ વિવિધ એજન્સીઓને સોંપવામાં આવેલી છે. આપણા પોલીસ અધિકારી વણઝારાની નિવૃત્તિ થઈ ચૂકી હતી પરંતુ હવે તે જેલ મુક્ત છે. કોંગ્રેસના શાસનમાં એનકાઉન્ટરના કેસોમાં સીબીઆઈની તપાસનો ધમધમાટ હતો આજે બધું શાંત છે. સીબીઆઈનું વલણ બદલાઈ ચૂક્યું છે. રાજ્યમાં છેલ્લુ એનકાઉન્ટર ૨૦૦૬ના વર્ષમાં થયું હતુ આજે આ ઘટનાને ૧૩ વર્ષ થઈ ચૂક્યાં છે. ગુજરાત પાસે હજી પણ એનકાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ છે પરંતુ એવા આતંકવાદીઓ હવે ગુજરાતમાં આવતા નથી. ગુજરાતમાં ૨૦૦૨ થી ૨૦૦૬ દરમ્યાન ૧૭ જેટલા એનકાઉન્ટર થયાં છે. રાજ્યમાં ભૂતકાળમાં થયેલા એનકાઉન્ટર અંગે બોલીવુડના કોઈ નિર્માતા સિરીયલબંધ ફિલ્મો ઉતારી શકે તેમ છે. ગુજરાતે દિશા બદલી છે. એનકાઉન્ટરની જગ્યાએ હવે પોલિટીકલ સર્જીકલ સ્ટ્રાઈક થાય છે. કોંગ્રેસના નેતાઓ અને ધારાસભ્યોને ભાજપમાં લઈ જવા માટે આવી સ્ટ્રાઈક થતી હોય છે. છેલ્લા પાંચ વર્ષથી એવું જોવામાં આવ્યું છે કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જ્યારે ગુજરાત આવ્યા છે ત્યારે કોંગ્રેસના નેતાઓ તૂટ્યાં છે. ૨૦૦૩ પછી ગુજરાતમાં ભાજપે કોંગ્રેસના ૬૫ જેટલા નેતાઓ કે જેમાં પૂર્વ અને વર્તમાન સંસદસભ્યો, ધારાસભ્યોને ભાજપમાં પ્રવેશ કરાવ્યો છે, એટલું જ નહીં, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અત્યાર સુધીમાં કોંગ્રેસના ૨૫૦૦ કરતાં

## રહેવા માટે ઘર જોઇએ છે, જાણો ગુજરાતમાં ૨૬ લાખ મકાનો ભૂતિયા બંગલા છે

વધુ સભ્યોને પક્ષપલ્ટા કરાવીને ભાજપે સત્તા હાંસલ કરી છે.

**ગુજરાત મેં ભી મોસમ બદલ રહા હૈ...**

દિલ્હી અને ગાંધીનગરની મોસમ બદલાઈ રહી છે. નવા-જૂનીના અણસાર દેખાય છે અને તેના સંકેત ધીમે ધીમે મળી રહ્યાં છે. હવામાન તો ચોક્કસ બદલાયું છે સાથે સાથે અચ્છે દિન, બુરે દિન રેલવે પાટાની જેમ દોડે છે. આ વાક્યનો બીજો અર્થ કભી ખુશી કભી ગમ એવો પણ થાય છે. કોઈને નોકરી મળવાનો આનંદ છે તો કોઈને નોકરી છૂટવાનો ગમ પણ છે. સરકારમાં એક કંપનીને પ્રોજેક્ટ મળે છે બીજી કંપની રિજેક્ટ થાય છે. આવું તો ચાલ્યા કરશે. ભૂતકાળમાં પણ હતું અને આજે પણ છે. સરકાર બદલાય એટલે બિઝનેસ કરનારા વર્ગને ફાયદો કે નુકશાન થવાનું જ છે. કોઈ માનિતાને લાભ મળે છે અને અણમાનિતાને લાત પડે છે. સરકારનું હંમેશા એક જ નિશાન હોય છે અને તે વોટબેન્ક છે. જો વોટબેન્ક મજબૂત હશે તો એક જ સરકાર વર્ષો સુધી રાજ કરી શકશે તેવું મોદીએ સિદ્ધ કરી દીધું છે અને એટલે જ તેમણે પહેલા જ્ઞાતિઓ પછી મોટા સમૂહોને સાથે લઈને ભાજપ પ્રત્યે આકર્ષણ પેદા કર્યું છે. આ સમૂહો એટલે મધ્યમવર્ગ, મહિલાઓ અને યુવાનો...આ ત્રણેય પરિબળોએ મોદીને દેશના વડાપ્રધાન બનાવી દીધા છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદીને ગુજરાતની ૨૬ બેઠકો મળી હતી પરંતુ હવે ૨૦૧૯માં ભાજપને શંકા છે કે આટલી બધી બેઠકો શક્ય નથી તેથી તમામ પ્રકારના પ્રયોગો ગુજરાતમાં કરવાનું શરૂ કર્યું છે. આ પ્રયોગો પૈકી એક પ્રયોગ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ છે. રાજ્યસભાના સાંસદ હોવા છતાં અમિત શાહને ગુજરાતમાં લોકસભાના લિડર બનાવી દેવામાં આવ્યા છે. ભાજપે હવામાન બદલવાનો પ્રયાસ કર્યો છે, જે કોંગ્રેસમાં હોળીનું નિર્માણ કરી શકે છે.

**સરકારી પ્લોટ વેચનારા માલામાલ થાય છે...**

ગાંધીનગરમાં રાહતદરના પ્લોટ લઈને વેચી દેનારાઓની યાદીમાં માત્ર ઓફિસરો કે કર્મચારીઓ જ નથી, આપણા સંસદસભ્યો અને ધારાસભ્યોએ પણ કરોડો રૂપિયા લઈને સરકારી પ્લોટને વેચી માર્યા છે. ગાંધીનગરમાં આ પ્રકારના ૧૦૦૦ થી વધારે દાખલા મોજૂદ છે. ખરીદનારા વર્ગની કમનસીબી છે કે પ્લોટ લાખો રૂપિયામાં ખરીદે છે અને સરકારી પ્રિમિયમના દરો પણ ખરીદનાર વર્ગને જ ભરવો પડે છે. સરકારી નિતીમાં વેચનારને તગડો ફાયદો છે અને ખરીદનારને નુકશાન છે. ગાંધીનગરમાં હજી એવા ૯૦૦થી વધારે પ્લોટ છે કે જેમાં બાંધકામ થયું નથી અને શરતભંગ થયો છે છતાં સરકારના ચોપડે શરતભંગના ખૂબ ઓછા પ્લોટ બોલે છે, કારણ એવું છે કે એક રૂમનું ઝૂંપડું બનાવ્યું હોય તો પણ શરતભંગમાંથી છટકી શકાય છે. શહેરના સેક્ટર-૧ થી સેક્ટર-૮માં સરકારે આપેલા રહેણાંક, ઔદ્યોગિક, સામાજીક તેમજ શૈક્ષણિક હેતુના પ્લોટમાં શરતભંગના ૫૦૦ કેસ શોધી કાઢવામાં આવ્યા છે. આ તમામને શરતભંગની નોટીસ આપવામાં આવી છે પરંતુ તેની મુદતમાં છેલ્લા સાત વર્ષમાં વધારા કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે માત્ર એક જ પ્લોટ સરકાર હસ્તક કર્યો છે, બાકીના કિસ્સામાં દંડ ભરીને બાંધકામની મંજૂરી આપવામાં આવી છે. આ શરતભંગ તો ઠીક પણ જેમણે પ્લોટ વેચી કાઢ્યા છે તેમના માટે આટલા વર્ષોમાં પગલાં ભરી શકાયા નથી. ગાંધીનગર માટે એવું કહેવાય છે કે માલામાલ થવું હોય તો ગમે તેમ કરીને સરકારી પ્લોટના માલિક બની જાવ, પછી બજાર તમારા માટે રાહ જોઈને બેઠું છે. બજારના વર્તુળોના જણાવ્યા પ્રમાણે ઓફિસર, સાંસદ કે ધારાસભ્યના ૩૩૦ ચોરસ મીટરના એક પ્લોટની કિંમત ૨.૫૦ કરોડ રૂપિયા થવા જાય છે. ક્લાસ-૧ અને ક્લાસ-૧ ઓફિસરને મળેલા ૧૩૫ ચોરસ મીટરના પ્લોટની કિંમત ૧ કરોડ થી ૧.૨૫ કરોડ રૂપિયા છે.

**ગુજરાતમાં આવાસની તંગી ક્યાં છે જરા જુઓ...**

ગુજરાતમાં લોકોને રહેવા માટે ઘર નથી તેવી રાજકીય નેતાઓ વાતો કરે છે પરંતુ રાજ્યમાં નજર કરીએ તો એવા આવાસ છે જ્યાં માનવ વસતી નથી. રાજ્યમાં બિલ્ડરો અને ડેવલપર્સ દ્વારા ખાનગી આવાસ સ્કીમો બનાવવામાં આવે છે. એ ઉપરાંત સરકાર દ્વારા એફોર્ડેબલ હાઉસિંગની સ્કીમો મૂકવામાં આવે છે આમ છતાં બંધ આવાસનો આંકડો જોઈએ તો આંખો પહોળી થઈ જાય તેમ છે. જાણીને નવાઈ લાગશે કે આખા રાજ્યમાં એવા ૨૬ લાખ આવાસ છે કે જેમાં માનવ વસવાટ નથી. ગુજરાતની ભારત સાથે સરખામણી કરીએ તો આ ટકાવારી ૯.૭૫ છે. આખા દેશમાં ખાલી મકાનોની સંખ્યા ૨.૬૦ કરોડ છે. આ આવાસો ખાલી પડ્યા છે. કોઈની માલિકીના તો છે પણ વેચાયા નથી અથવા તો ભાડે પણ અપાયા નથી. સરકારી આંકડા પ્રમાણે રાજ્યભરમાં ૧.૮૦ કરોડ આવાસો છે જેમાં ૯૨.૯૫ લાખ ગામડામાં અને ૮૨.૩૨ લાખ શહેરોમાં આવાસ શહેરોમાં આવેલા છે. તાજેતરની મોજણી પ્રમાણે ગુજરાતમાં પરિવારોની સંખ્યા ૧.૨૫ લાખ થવા જાય છે જેની સરખામણીએ આવાસોની સંખ્યા વધારે છે. બીજી તરફ આખા ભારતમાં કુલ ૨૪.૬૮ કરોડ પરિવારો રહે છે. આજે પણ ભારત દેશમાં સૌથી વધુ પરિવારો ગામડામાં વસે છે તેથી ભારત એ ગામડાનો બનેલો દેશ છે તે ઉક્તિ યથાવત રહી છે. આશ્ચર્યની બાબત એવી સામે આવી છે કે ગુજરાતમાં મંદિર, મસ્જીદ અને ચર્ચ સહિતના ધાર્મિક સ્થળોની સંખ્યા ૧.૮૨ લાખ જેટલી થવા જાય છે, જેની સરખામણીએ આખા ભારતમાં ધાર્મિક સ્થાનનો આંકડો ૩૦.૧૪ લાખે પહોંચ્યો છે.

**દિલ્હીમાં અચ્છે દિન--ચોકીદાર સલામત છે...**

ગુજરાતમાં ફરી એકવાર અચ્છે દિન આવી રહ્યાં છે. આ દિવસો સરકાર નક્કી કરવાના છે. નરેન્દ્ર મોદીની સરકાર લોકો માટે અચ્છે દિન લાવી હશે તો ચોક્કસ મોદી માટે અચ્છે દિન આવશે પરંતુ જો બુરે દિન હશે તો મોદી માટે બુરે દિન શરૂ થઈ જવાના છે. જો કે હાલ તો ભારતની રાજધાની નવી દિલ્હીમાં અચ્છે દિન જ ચાલે છે. ભાજપ દાવો કરે છે કે લોકસભાની ચૂંટણીમાં અમને ૪૦૦ બેઠકો મળવાની છે. પેટ્રોલ અને ડીઝલના રોજના ભાવવધારા સામે દેશની જનતા ચૂપ છે તેથી સરકાર માટે અચ્છે દિન છે. ગાંધીનગરની લોકસભા ટીકીટ નથી મળી છતાં લાલકૃષ્ણ અડવાણી ડાહ્યા થઈ ગયા છે. તેઓ વાત વાતમાં રિસાઈ જતા હતા પણ હવે તેઓ રિસાઈ જતા નથી. ભાજપ માટે આ અચ્છે દિનની નિશાની છે. અન્ના હજારે પાસે નવી યોજના નથી તેથી તેઓ ચૂપ છે અને સરકાર માટે અચ્છે દિન છે. ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહ જાણે કે વેકેશન માણી રહ્યાં છે, સરકાર માટે અચ્છે દિન છે. સોનિયા અને રાહુલ સહિત કોંગ્રેસના ટોચના અડધો ડઝન નેતાઓ જામીન પર છે તે મોદી માટે અચ્છે દિન છે. બાબા રામદેવ કે અરવિંદ કેજરીવાલના ધરણાં પ્રદર્શન બંધ થઈ ચૂક્યાં છે. મુલાયમસિંહ યાદવ કોઈ હોટ શબ્દનો પ્રયોગ કરતા નથી. દિગ્વિજયસિંહના દિવસો સારા છે. લાલુ પ્રસાદ યાદવ જેલમાં છે અને નિતીશકુમાર મોદીના ભાઈ બન્યા છે. નરેન્દ્ર મોદી હવે કોઈની ઉપર ગુસ્સે થતાં નથી. સુષ્મા સ્વરાજ એમની મેળે ગોઠવાઈ ગયા છે. અમિત શાહને ગાંધીનગરની બેઠક મળી છે. ભાજપના સિનિયર મોસ્ટ નેતાઓને રાજ્યોમાં ગવર્નરના પદ મળવા લાગ્યા છે. નોટબંધી અને જીએસટીની બોલબાલા છે છતાં વેપારી વર્ગ શાંત છે. બોલો હવે, આને અચ્છે દિન જ કહેવાય ને...!!

## કેન્દ્ર સરકાર અને ભાજપમાં અચ્છે દિન ચાલે છે, દિલ્હીમાં ચોકીદાર સલામત છે

**૨૦૨૨ અને ૨૦૨૪નું પ્લાનિંગ એકમાત્ર ઉકેલ...**

ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભા અને દિલ્હીમાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી આવવાની છે ત્યારે કોંગ્રેસના નેતાઓ ૨૦૧૯ની ચૂંટણીની સાથે સાથે આ બન્ને ચૂંટણીની તૈયારી કરે તો ગુજરાતમાં ત્રણ વર્ષ પછી અને દિલ્હીમાં પાંચ વર્ષ પછી કોંગ્રેસનો ઉદય થઈ શકે છે. ફેસબુકમાં એક મિત્રએ કોંગ્રેસને સલાહ આપી છે કે-- કોંગ્રેસે ૨૦૨૨ અને ૨૦૨૪ની ચૂંટણીની તૈયારીમાં લાગી જવું જોઈએ, કેમ કે ૨૦૧૭ની વિધાનસભા હાર્યા પછી ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ સત્તામાં આવે તેવા કોઈ અણસાર જોવા મળતા નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને એક મેસેજ આપી પડકાર ફેંક્યો હતો કે ૨૦૨૪ લોકસભાની તૈયારી શરૂ કરી દો... બાળકો સાથેની એક પ્રશ્નોત્તરીમાં મોદીએ કહ્યું હતું કે તમે આવતીકાલનું ભાવિ છો. આગામી ૧૦ વર્ષ સુધી તો શાસન કરવામાં મને કોઈ વાંધો નહીં આવે, આપણે ૨૦૨૪ની તૈયારી શરૂ કરવાની છે. મોદીનું આ વાક્ય સાંભળીને કોંગ્રેસના નેતાઓ છંછેડાયા છે. કોંગ્રેસના એક પ્રદેશ નેતાએ કહ્યું હતું કે લ્યો, સાંભળો.. મોદી ૨૦૧૯ની નહીં પણ ૨૦૨૪ની તૈયારી શરૂ કરી રહ્યાં છે. આપણે તો રાજકારણને તિલાંજલિ આપવી પડશે અથવા તો ભાજપમાં જોડાવવા માટેના ફિલર મોકલવા પડશે, પરંતુ અમારી પાર્ટી જો અત્યારથી જ શરૂઆત કરે તો-- પરિણામ મળે તેમ છે.